**તા.૦૧/૧૨/૨૦૨૦**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાની બેઠક આજ તા.૦૧/૧૨/૨૦૨૦ ને મંગળવારનાં રોજ સાંજનાં ૦૪=૦૦ કલાકે પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં હોલમાં વર્તમાન કોરોના વાયરસનાં સંક્રમણને ધ્યાને લઇ સોસીયલ ડીસ્ટન્સ જળવાય તે રીતે બેઠક વ્યવસ્થા સાથે મળી જેમાં મુકરર તારીખ અને નિયત કરેલ સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ | પ્રમુખશ્રી |
| (૨) | શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા | ઉપપ્રમુખશ્રી |
| (૩) | શ્રીમતિ નયનાબેન આર. પટેલ | સભ્યશ્રી |
| (૪) | શ્રીમતિ ગૌરીબેન કે. તળપદા | ” |
| (૫) | શ્રી ગોવિંદભાઇ આર. તળપદા | ” |
| (૬) | શ્રી ઇમદાદઅલી જે. સૈયદ | ” |
| (૭) | શ્રીમતિ જયાબેન એ. વાઘેલા | ” |
| (૮) | શ્રીમતિ રેણુકાબેન આર. વાઘેલા | ” |
| (૯) | શ્રી રસિકભાઇ જે. મકવાણા | ” |
| (૧૦) | શ્રી સૌરભભાઇ એન. પટેલ | ” |
| (૧૧) | શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ | ” |
| (૧૨) | શ્રીમતિ હેતલબેન એ. પટેલ | ” |
| (૧૩) | શ્રી પુનિતકુમાર એમ. ડાભી | ” |
| (૧૪) | શ્રી ભાવિનકુમાર એમ. પટેલ | ” |
| (૧૫) | શ્રીમતિ રેહાનાબાનુ એ. ખલીફા | ” |
| (૧૬) | શ્રી રીફાકતખાન એમ. પઠાણ | ” |
| (૧૭) | શ્રી આરિફખાન જે. સૈયદ (પઠાણ) | ” |
| (૧૮) | શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ | ” |
| (૧૯) | શ્રી ગોપાલભાઇ એમ. ગાંધી | ” |
| (૨૦) | શ્રીમતિ કલ્પનાબેન આર. પટેલ | ” |
| (૨૧) | શ્રીમતિ જૈમિનીબેન આર. પટેલ | ” |
| (૨૨) | શ્રી જયેશકુમાર કે. પટેલ | ” |
| (૨૩) | શ્રીમતિ નફીસાબાનુ જે. શેખ | ” |
| (૨૪) | શ્રીમતિ રફીકનબીબી એસ. મલેક | ” |

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા*વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

(૨૫) શ્રી ફરીદખાન ડી. પઠાણ ”

(૨૬) શ્રીમતિ સાયનાબીબી એમ. સૈયદ ”

(૨૭) શ્રી અબરારબેગ ડી. મિરઝાં ”

(૨૮) શ્રી મુન્તજીમોદ્દીન એન. કાજી ”

(૨૯) શ્રીમતિ મિનાક્ષીબેન એમ. મકવાણા ”

(૩૦) શ્રી વિજયભાઇ સી. તળપદા ”

આમ, ઉપર જણાવ્યા મુજબનાં સભ્યશ્રીઓની હાજરીથી આજની બેઠકનું જરૂરી કોરમ થતું હોવાથી બેઠકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. રા.પ્રમુખશ્રીએ સભાનું અધ્યક્ષ સ્થાન લેતાં બેઠકની કાર્યવાહી શરૂ કરવા રા.અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

સૌપ્રથમ આજની બેઠકની કાર્યસૂચિ (એજન્ડા) ઉપરનાં કામ નં.૬ કે જે પેટલાદ નગરપાલિકાનાં જે તે સમયનાં ચીફ ઓફિસરશ્રીએ તા.૧૦/૦૯/૨૦૨૦ થી કરેલ કાર્યાલય આદેશને બહાલી આપવા તથા તે મુજબની અમલવારી કરવા બાબતનું કામ છે તેને ફેરવિચારણા અર્થે હાલ પૂરતું મુલત્વી રાખવા અંગેની જાહેરાત કરી જેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યુ.

આજની બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવતાં સૌપ્રથમ રા.અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ નીચે જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લીધી.

* <u>જરૂરી વિષયનાં કામ</u> :-

(૧) ગુજરાત રાજયનાં પૂર્વ ઉદ્યોગ મંત્રીશ્રી અને ધારાસભ્ય માનનીય શ્રી રોહિતભાઇ પટેલ તથા રાજય સભાનાં સભ્યશ્રી અને સાંસદ માનનીય શ્રી અહેમદભાઇ પટેલનાં તાજેતરમાં થયેલ દુઃખદ અવસાન પરત્વે શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબત.

(૨) પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨ નાં ફા.પ્લો. નં.૭૬/૧/૧ વાળી જગ્યામાં પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભામાં ઠરાવ કરી કોમ્યુનિટી હોલ માટે ફાળવણી કરેલ હતી. જેનો હેતુ ફેર ન થતાં તેનાં બદલે સર્વે નં.૪૭૮/૨ વાળી બાકી રહેતી જગ્યા ફાળવવા બાબત.

(૩) મ્યુનિ. સભ્ય શ્રીમતિ જુબેદાબાનુ આર. પઠાણ, શ્રીમતિ રીટાબેન. યુ. શાહ, શ્રી અસ્લમબેગ એ. મિરઝા, શ્રી ફઇમાબાનુ ડી. મલેક તથા શ્રી નિરંજનભાઇ પી. પટેલનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

સભાગૃહની પ્રણાલી મુજબ શોક ઠરાવ સભાગૃહમાં વંચાણમાં લઇ પસાર કરવાનું કામ સૌપ્રથમ હાથ ધરવામાં આવ્યું.

<u>જરૂરી વિષયનાં કામ :</u>

**કામ નં. (૧)** : ગુજરાત રાજયનાં પૂર્વ ઉદ્યોગ મંત્રીશ્રી અને ધારાસભ્ય માનનીય શ્રી રોહિતભાઇ પટેલ તથા રાજય સભાનાં સભ્યશ્રી અને સાંસદ માનનીય શ્રી અહેમદભાઇ પટેલનાં

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

તાજેતરમાં થયેલ દુઃખદ અવસાન પરત્વે શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબત.

**ઠરાવ નં. ૩૦ / તા.૦૧/૧૨/૨૦**

**શોક ઠરાવ**

ગુજરાત રાજયનાં પૂર્વ ઉદ્યોગ મંત્રી શ્રી અને પૂર્વ ધારાસભ્ય માનનીય શ્રી રોહિતભાઇ પટેલનું તાજેતરમાં ટૂંકી બિમારી બાદ નિધન થયેલ છે. તેઓએ પોતાનાં કાર્યકાળ દરમ્યાન ગરીબ અને છેવાડાનાં માનવીઓનાં ઉત્કર્ષ અર્થે મા અમૃતમ યોજના કાર્ડ, વિધવા સહાય, વૃધ્ધ સહાય જેવા સરકારની વિવિધ યોજનાઓનાં લાભ આપવાનાં ઉત્કર્ષ કાર્યો કર્યા હતાં. અને આમ તેઓ લોકપ્રિય હતાં. તેઓનાં જૈફ વયે થયેલ દુઃખદ અવસાન પરત્વે આજની સભા ઘહેરો શોક અનુભવે છે અને દુઃખ વ્યકત કરી આ શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે. તેઓનાં પરિવારજનો પર આવી પડેલ દુઃખ અને આપત્તિ સહન કરવાની પ્રભુ શકિત અર્પે તેવી પ્રાર્થના.

રાજય સભાનાં સભ્યશ્રી અને સાંસદ માનનીય શ્રી અહેમદભાઇ પટેલનાં તાજેતરમાં ૭૧ વર્ષની વયે નિધન થયેલ છે. તેઓ પોતાની આગવી કોઠાસૂઝ ધરાવતાં હતાં અને પોતાનાં કાર્યકાળ દરમ્યાન અનેકવિધ લોકોપયોગી કાર્યો કરેલ હતાં. જેથી બહોળી લોકપ્રિયતા ધરાવતાં હતાં. તેઓનાં પરિવારજનો પર આવી પડેલ દુઃખ અને આપત્તિ સહન કરવાની પ્રભુ શકિત અર્પે તેવી પ્રાર્થના.

આમ,દિવંગતોનાં આત્માને ઇશ્વર ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ આજની સભામાં ઉપસ્થિત સર્વેએ બે મીનીટનું મૌન પાળી પ્રાર્થના કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

શોક ઠરાવ સભાગૃહમાં વંચાણમાં લઇ સભાગૃહમાં ઉપસ્થિત સર્વેએ શ્રધ્ધાંજલિ અર્પણ કરવા પોતાનાં સ્થાને ઊભા થઇ બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું.

મૌનનો સમય પૂર્ણ થતાં આજની સભાની આગળની કાર્યવાહી શરૂ કરતાં આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામો તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવા રા.અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

**કામ નં. (૧) :** પેટલાદ નગરપાલિકાની ગત મળેલ સામાન્ય સભાનાં પ્રોસીડીગને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૩૧ / તા.૦૧/૧૨/૨૦**

પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભા ગત તા.૧૦/૦૮/૨૦ નાં રોજ મળેલ હતી જે ગત મળેલ સામાન્ય સભાનાં પ્રોસીડીગને વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

ઉપરોકત કામ પરત્વે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કરતાં, મતદાન લેતાં દરખાસ્તની તરફેણમાં ૨૧ (એકવીસ) મત અને વિરુધ્ધમાં ૦૯ (નવ) મત પડેલ છે.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

આથી, આવેલ દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨)** : પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૨૦૨૦ થી માહે સપ્ટેમ્બર-૨૦૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૨ / તા.૦૧/૧૨/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ, શ્રીમતિ નયનાબેન આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૨૦ થી માહે સપ્ટેમ્બર-૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૨૦ થી માહે સપ્ટેમ્બર-૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

ઉપરોકત દરખાસ્ત પરત્વે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કરતાં, મતદાન લેતાં દરખાસ્તની તરફેણમાં ૨૧ (એકવીસ) મત અને વિરુધ્ધમાં ૦૯ (નવ) મત પડેલ છે.

આથી, આવેલ દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩)** : પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૨૦૨૦ થી માહે સપ્ટેમ્બર-૨૦૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૩ / તા.૦૧/૧૨/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ, શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે હાઇસ્કુલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૨૦ થી માહે સપ્ટેમ્બર-૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે હાઇસ્કુલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ-૨૦ થી માહે સપ્ટેમ્બર-૨૦ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

સહી/-
( શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ )
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૪)** : પેટલાદનાં સર્વે નં.૪૨૭ વાળી જગ્યા પૈકી ૦-૬૬-૭૯હે.આ.ચો.મી. જમીન તળપદા સમાજને સ્મશાન માટે ફાળવવા બાંધકામ વિભાગનો આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૪ / તા.૦૧/૧૨/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી વિજયભાઇ સી. તળપદા, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદનાં સર્વે નં.૪૨૭ વાળી જગ્યા પૈકી ૦-૬૬-૭૯હે.આ.ચો.મી. જમીન તળપદા સમાજને સ્મશાન માટે ફાળવવા બાંધકામ વિભાગનો આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદનાં સર્વે નંબર ૪૨૭ વાળી જગ્યા પૈકીની જમીન મેળવવા અગાઉ તળપદા સમાજ દ્વારા માંગણી કરવામાં આવેલ હતી. જે બાબતે અત્રેની સામાન્ય સભાનાં ઠરાવ નં.૪૫ / તા.૧૩/૧૦/૧૭ થી ઠરાવ કરવામાં આવેલ છે. જેમાં ઠરાવ્યા આધારે આ બાબતે નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવેલ હતું. જે ઠરાવ રદ કરવા ઠરાવવામાં આવે છે. અને આ સર્વે નં. ૪૨૭ પેટલાદ નગરપાલિકાની માલિકીનો છે. અને સ્મશાન હેતુ માટે નિહીત થયેલ છે. તેથી આ સર્વે નં.૪૨૭ વાળી કુલ જગ્યા પૈકી ૦-૩૩-૦૦ હે.આ.ચો.મી જેટલી જમીન સ્થળસ્થિતિ મુજબ સ્થળ પર માપનાં ખૂંટ કરી તળપદા સમાજને સ્મશાન માટે સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવીને ફાળવવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
( શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ )
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૫)** : પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી વેચાણ કે અન્ય કિસ્સામાં તબદીલ થયેલ મિલકતોનાં માલિકોનાં નામ માહે જુલાઇ-૨૦૨૦ થી માહે સપ્ટેમ્બર-૨૦૨૦ અંતિત ત્રિમાસિક સમયગાળાની અરજીઓ બાબતે જે તે માલિકોનાં નામ ટ્રાન્સફર કરવા અંગે મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૩૫ / તા.૦૧/૧૨/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ, શ્રીમતિ ગૌરીબેન કે. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો પૈકી વેચાણ કે અન્ય કિસ્સામાં તબદીલ કરવા માહે જુલાઇ-૨૦ થી માહે સપ્ટેમ્ર-૨૦ અંતિત જે તે મિલકતના માલિકો દ્વારા નામ ટ્રાન્સફર કરાવવા બાબતે આવેલ અરજીઓ વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતો વેચાણ થવાથી, વારસાઇથી કે અન્ય કિસ્સામાં તબદીલ થવાથી નગરપાલિકાનાં ઘરવેરા વિભાગની આકારણી દફતરે નામ તબદીલ માટે અરજીઓ આવેલ છે. જેમાં માહે જુલાઇ-૨૦ થી માહે સપ્ટેમ્બર-૨૦ સુધીની આવેલ અરજીઓની તૈયાર કરેલ યાદી અ.નં.૪૧ થી ૧૩૯ સુધીની અરજીઓ સાથે રજૂ કરેલ નિયમાનુસાર તેનાં સાધનિક પુરાવા આધારે જે તે નવિન માલિકનાં નામે મિલકત જે તે મિલકતનાં બાકી તમામ વેરા તથા તેને લગતી થતી ટ્રાન્સફર ફી ની રકમ ચૂકતે વસુલ લઇ આકારણી પત્રકે નવિન માલિકનાં નામ પુરાવા આધારે દર્શાવવા કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૬)** : પેટલાદ નગરપાલિકાનાં જે તે સમયના ચીફ ઓફિસરશ્રીએ તા.૧૦/૦૯/૨૦૨૦ થી કરેલ કાર્યાલય આદેશને બહાલી આપવા તથા તે મુજબની અમલવારી કરવા બાબત.

**ઠરાવ નં. ૩૬ / તા.૦૧/૧૨/૨૦**

સદર કામ ફેરવિચારણા કરી રજૂ કરવા હાલ પૂરતું મુલત્વી રાખવા ઠરાવવામાં આવે છે.

સર્વાનુમતે મંજુર

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૭)** : પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજના વિભાગનાં કામે, ન.પા. અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૫(ઘ) અન્વયે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ ૩૦ એચ.પી.નો સીવેઝ પંપ નવિન ખરીદ કરવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૩૭ / તા.૦૧/૧૨/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી, શ્રી મુન્જીમોદ્દીન એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજના વિભાગનાં કામે, ન.પા. અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૫(ઘ) અન્વયે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ ૩૦ એચ.પી.નો સીવેઝ પંપ નવિન

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફક્ત આપના જાણ માટે જ છે. જેને સત્તાpવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

ખરીદ કરવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ દેવકુવા તીનબત્તી ચોકથી આગળ જતી ભૂગર્ભ ગટરની મેઇન લાઇન વરસાદને કારણે બેસી ગયેલ અને ભુવા પડેલ હતાં જેથી ભૂગર્ભ ગટરનું પાણી આગળ જતું બંધ થઇ ગયેલ હતું. તેથી પાણી ભરાઇ ગંદકી થતી હોવાથી અને ગટરનાં પાણીનો નિકાલ કરવો અત્યંત જરૂરી હોઇ ૩૦એચ.પીનો મળપંપ નવિન ખરીદ કરવાની જરૂરિયાત ઊભી થતાં ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એકટ ૧૯૬૩ ની કલમ-૪૫(ઘ) હેઠળ રા.પ્રમુખશ્રીને મળેલ સત્તાની રૂઇએ ૩૦ એચ.પી.નો નવિન મળપંપ ખરીદ કરવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે થયેલ ૨,૫૭,૪૭૬/- નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૮)** : પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગ માટે સ્પેર સબમર્સિબલ પંપ તથા એ.ટી.એસ.સ્ટાર્ટર અને મલાવ સંપ પાસે નવિન સૂચિત બોર માટે તથા રણછોડજી મંદિર પાસે નવિન સૂચિત બોર માટે સબમર્સિબલ પંપ મશીનરી અને જરૂરી એસેસરીઝ ખરીદ કરવાના કામે અંદાજીત રકમથી ૫.૪૦% ઊંચા આવેલ ભાવો મંજુર કરવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૩૮ / તા.૦૧/૧૨/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ, શ્રી પુનિતકુમાર. એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગ માટે સ્પેર સબમર્સિબલ પંપ તથા એ.ટી.એસ.સ્ટાર્ટર અને મલાવ સંપ પાસે નવિન સૂચિત બોર માટે તથા રણછોડજી મંદિર પાસે નવિન સૂચિત બોર માટે સબમર્સિબલ પંપ મશીનરી અને જરૂરી એસેસરીઝ ખરીદ કરવાના કામે અંદાજીત રકમથી ૫.૪૦% ઊંચા આવેલ ભાવો મંજુર કરવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં (૧) પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં વિવિધ પંપીગ સ્ટેશનો માટે સ્પેર સબમર્સિબલ પંપ તથા એ.ટી.એસ.સ્ટાર્ટર ખરીદ કરવાનાં કામે, (૨) પેટલાદ નગરપાલિકા સંચાલિત મલાવ સમ્પ પાસે સૂચિત બોર માટે નવિન સબમર્સિબલ પંપ મશીનરી તથા એસેસરીઝ ખરીદ કરી ફીટ કરાવવાનાં કામે તેમજ (૩) પેટલાદ નગરપાલિકા સંચાલિત રણછોડજી

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

મંદિર પાસેનાં હેડ વર્કસ ખાતે સૂચિત નવિન બોર માટે નવિન સબમર્સિબલ પંપ મશીનરી તથા એસેસરીઝ ખરીદ કરી ફીટ કરાવવાનાં કામે તા.૩૦/૦૯/૨૦૨૦ નાં રોજથી જાહેર નિવિદા બહાર પાડી ભાવપત્રકો મંગાવવામાં આવતાં આવેલ ભાવો પૈકી સૌથી ઓછા ભાવ આશા ટ્રેડીગ કંપની, અમદાવાદની એજન્સીનાં અંદાજીત ભાવ કરતાં ૫.૪૦% ઊંચા ભાવ આવેલ હતાં. આ એજન્સીનાં આવેલ ૫.૪૦% ઊંચા ભાવ મંજુર કરવા સામાન્ય સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

* **<u>જરૂરી વિષય તરીકેનાં કામ</u> :-**

**જ.વિ.કામ નં. (૨)** : પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨ નાં ફા.પ્લો. નં.૭૬/૧/૧ વાળી જગ્યામાં પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભામાં ઠરાવ કરી કોમ્યુનિટી હોલ માટે ફાળવણી કરેલ હતી. જેનો હેતુ ફેર ન થતાં તેનાં બદલે સર્વે નં.૪૭૮/૨ વાળી બાકી રહેતી જગ્યા ફાળવવા બાબત.

**ઠરાવ નં. ૩૯ / તા.૦૧/૧૨/૨૦**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન એમ. પઠાણ, શ્રી અબરારબેગ ડી. મિરઝાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨ નાં ફા.પ્લો. નં.૭૬/૧/૧ વાળી જગ્યામાં પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભામાં ઠરાવ કરી કોમ્યુનિટી હોલ માટે ફાળવણી કરેલ હતી. જેનો હેતુ ફેર ન થતાં તેનાં બદલે સર્વે નં.૪૭૮/૨ વાળી બાકી રહેતી જગ્યા ફાળવવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદની સ્ટી.પી.સ્કીમ નં.૨ નાં ફા.પ્લોટ નં.૭૬/૧/૧ વાળી જગ્યા કે જે મે.કલેકટરશ્રી હસ્તક છે. જેમાં કોમ્યુનિટી હોલ બનાવવા માટે અગાઉ સામાન્ય સમગ્ર સભાનાં ઠરાવ નં.૫૨ / તા.૧૩/૧૦/૨૦૧૭ થી ઠરાવ કરી જગ્યાની ફાળવણી કરેલ હતી. પરંતુ સદર જગ્યા મે.કલેકટરશ્રી હસ્તક હોઇ જગ્યા હેતુ ફેર કરવા કાર્યવાહી હાથ ધરતાં તેમાં હેતુ ફેર થઇ શકે નહિં તેમ જણાવેલ છે. આ બાબતે મ્યુનિ. સભ્યશ્રી અબરારબેગ ડી. મિરઝા, શ્રી મુન્તજીમોદ્દીન એન.કાજી, શ્રી ફરીદખાન ડી. પઠાણ,શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ તથા શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણની સમર્થન

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

સહી સાથે મ્યુનિ.સભ્ય શ્રી રીફાકતખાન એમ. પઠાણએ તેમનાં લેટરપેડ પર લેખિતમાં રજૂઆત કરવામાં આવેલ છે. તેથી અગાઉ આ અંગે કરેલ સામાન્ય સમગ્ર સભાનાં ઠરાવ નં.૫૨/ તા.૧૩/૧૦/૨૦૧૭ થી થયેલ ઠરાવ રદ કરી તેનાં બદલે સર્વે નં.૪૭૮/૨ માં નગરપાલિકા હસ્તકવાળી જગ્યામાં આવાસોનાં બાંધકામ કરેલ છે. તે સિવાયની બાકી રહેતી જગ્યા પૈકી ૪૦.૦ મી X ૩૦.૦મી વાળી બાકી રહેતી જગ્યા કોમ્યુનિટી હોલ માટે ફાળવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ.વિ.કામ નં. (૨)** : મ્યુનિ. સભ્ય શ્રીમતિ રીટાબેન યુ. શાહ, શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ,શ્રી અસ્લમબેગ એ. મિરઝા, શ્રી ફઇમાબાનુ ડી. મલેક તથા શ્રી નિરંજનભાઇ પી. પટેલનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૦ / તા.૦૧/૧૨/૨૦**

સર્વાનુમતે ઠરાવ કર્યો કે,મ્યુનિ. સભ્ય શ્રીમતિ રીટાબેન યુ. શાહ, શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ,શ્રી અસ્લમબેગ એ. મિરઝા, શ્રી ફઇમાબાનુ ડી. મલેક તથા શ્રી નિરંજનભાઇ પી. પટેલનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લેતાં તેને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

ઉપર જણાવ્યા મુજબનાં કામો પૂર્ણ કરી તે સિવાય અન્ય કોઇ કામ ન હોવાથી રા.અધ્યક્ષશ્રીએ આજની સામાન્ય સભામાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓનો આભાર માની આજની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયા અંગેની જાહેરાત કરી.

સહી/-
(શ્રી વિઠ્ઠલભભાઇ આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાıવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.

૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.